ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા.૦૨/૦૭/૨૦૧૮

-------------

# આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય " શ્રી કમલમ્" ખાતે પ્રદેશ કિસાન મોરચા તથા પ્રદેશ મહિલા મોરચાની બેઠક યોજાઇ

-------------

ભાજપા મીડીયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" કોબા ખાતે પ્રદેશ કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી બાબુભાઈ જેબલીયાની અધ્યક્ષતામાં ગુજરાત પ્રદેશ ભાજપા કિસાન મોરચાની એક કારોબારી બેઠક યોજાઇ હતી. જેમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા, મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ગુજરાતના નવનિયુકત પ્રભારીશ્રી પાશા પટેલ અને મોરચાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ તથા પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફીયા ઉપસ્થિત રહી કાર્યકરોને આગામી લોકસભાની ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યુ હતું.

આ ઉપરાંત પ્રદેશ મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રીમતી ડૉ. જ્યોતિબેન પંડ્યાની અધ્યક્ષતામાં ગુજરાત પ્રદેશ ભાજપા મહિલા મોરચાની એક બેઠક યોજાઇ હતી. જેમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા, મહિલા અને બાળવિકાસના મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે, વિશેષ ઉપસ્થિત રહી કાર્યકરોને આગામી લોકસભાની ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યુ હતું.

જેમાં આઇ.ટી. - સોશીયલ મીડિયાના કન્વીનરશ્રી પંકજ શુક્લાએ સોશીયલ મીડિયા અંગે માહિતગાર કર્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ